# 3rd India-New Zealand Foreign Office Consultations

May 25, 2021

---

## ભારત-ન્યૂ ઝિલેન્ડ વિદેશ કચેરીની ત્રીજી મંત્રણાઓ

મે 25, 2021

1. ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે 25 મે, 2021ના રોજ વર્ચ્યુઅલ રીતે વિદેશ કચેરીની ત્રીજી મંત્રણાઓ યોજાઈ હતી. રવિ ગાંગુલી દાસ, સેક્રેટરી (ઈસ્ટ)એ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું જ્યારે ન્યૂ ઝિલેન્ડનું નેતૃત્વ માર્ક સિન્ક્લેર, ડેપ્યુટી સેક્રેટરી, અમેરિકા અને એશિયા ગ્રૂપ, વિદેશ અને વ્યાપાર મંત્રાલયએ કર્યું હતું. આ મંત્રણાનો અગાઉનો રાઉન્ડ 5 ફેબ્રુઆરી 2019ના રોજ નવી દિલ્હીમાં યોજાયો હતો.

2. હાલના દ્વિપક્ષીય સંબંધોની સંપૂર્ણ સમીક્ષા કરતા બંને પક્ષોએ સંરક્ષણ અને સુરક્ષા, વ્યાપાર અને રોકાણ, અંતરિક્ષ અને ત્રાસવાદ વિરોધી કાર્યવાહી, સાઈબર સિક્યોરિટી, નિઃશસ્ત્રીકરણ અને ક્લાઈમેટ ચેન્જ સહિતના ક્ષેત્રમાં જોડાણની ગતિ અને ઉંડાણ વધારવા તથા લોકો વચ્ચેના જોડાણને વધારે મજબૂત બનાવવા માટે લેવાયેલા પગલાંની ચર્ચા કરી હતી.

3. કોવિડ-19 મહામારીનો સામનો કરવા તથા વૈશ્વિક સ્તરે કોવિડને નિયંત્રણમાં લેવા માટે રસીઓ અને દવાઓ પ્રાપ્ત કરવા અંગે પણ ચર્ચા થઈ હતી.

4. બંને પક્ષોએ વિવિધ પ્રાદેશિક મુદ્દે પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. તેમણે નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા તથા મુક્ત, ખુલ્લા અને સમગ્રલક્ષી ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે સહકાર વધારવાના મહત્ત્વનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે બહુસ્તરીય અને પ્રાદેશિક ક્ષેત્રે સંકલનને વધુ મજબૂત બનાવવાના રસ્તાની પણ ચર્ચા કરી હતી.

5. આ મંત્રણા મૈત્રીપૂર્ણ અને હુંફભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. બંને પક્ષો પરસ્પર અનુકુળ તારીખે આગામી મંત્રણા કરવા માટે સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**મે 25, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.